GOOD BYE 2014

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૮૮ | ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪, બુધવાર ; પોષ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# શહેરમાં રવિવારથી ‘વાઈબ્રન્ટ’ બંદોબસ્ત

## સાડા છ હજારથી વધુ પોલીસ અધિકારી-કર્ચમારીઓ ફાળવેલા ડયુટી પોઈન્ટ પર ગોઠવાઈ જશે : એનએસજી પણ ચોથીથી મોરચો સંભાળશે : શહેર તથા વાઈબ્રન્ટ રૂટ પર લોખંડી પોલીસ પહેરો ખડકી દેવાશે

ગાંધીનગર, તા.૩૦

વાઈબ્રન્ટ સમિટમાં આવનાર વીવીઆઈપી ડેલીગેટસ તથા બિઝનેશમેન સહીતના મહાનુભાવોની સુરક્ષા વ્યવસ્થા માટે ગાંધીનગર શહેર તથા વાઈબ્રન્ટ રુટ પર પોલીસનો લોખંડી બંદોબસ્ત ૪થી જાન્યુઆરીથી જ ગોઠવી દેવામાં આવશે. શહેર આખુ સુરક્ષા કવચથી ઢંકાઈ જશે. ૨૦ આઈપીએસ અધિકારીઓ સહિત ૬૬૦૦ પોલીસ અધિકારી-કર્મચારીઓનો કાફલો સુરક્ષાનો મોરચો સંભાળી લેશે અને તમામ પ્રવેશદ્વારો તથા સર્કલો પર ચેકીંગની કામગીરી શરુ કરી દેશે. તે ઉપરાંત વડાપ્રધાનની ઉપસ્થિતિ પ્રવાસી ભારતીય દિવસો હોવાથી એનએસજી પણ ગાંધીનગર આવીને ૪થી તારીખથી મોરચો સંભાળી લેશે.

મહાત્મા મંદિર, સે-૧૭ એકઝીબીશન સેન્ટર તથા ગાંધીનગર થી એરપોર્ટ એટલે કે વાઈબ્રન્ટ રૂટ પર રોડ બંદોબસ્તથી માંડીને તમામ નિયત કરેલા બંદોબસ્ત પોઈન્ટ પર પોલીસ ૪થી તારીખથી ગોઠવાઈ જશે અને ગાંધીનગર પોલીસ છાવણીમાં ફેરવાઈ જશે. ૨૦ આઈપીએસ અધિકારીઓ, ૪૫ ડીવાયએસપી, ૮૫ પીઆઈ, ૧૫૦ પીએસઆઈ, ૪ હજાર પોલીસ, ૨ હજાર એસઆરપી, ૧૩ બોમ્બ ડીસ્પોસલ સ્કવોર્ડ, ૧૦ ન્યુ.આર.ટી., ચેતક કમાન્ડો તથા એક કંપની મહિલા એસઆરપી અને ટ્રાફીક પોલીસ મળીને ૬૬૦૦ પોલીસ અધિકારીઓ કર્મચારીઓ બંદોબસ્તનો મોરચો સંભાળશે. તે ઉપરાંત ગાંધીનગરમાં એન્ટ્રી-એકઝીટ તમામ મુખ્ય પ્રવેશદ્વારો પર સઘન ચેકીંગ શરુ કરી દેવામાં આવશે. ૪થી તારીખથી એનએસજી પણ પીએમની સુરક્ષાના કારણોસર ગાંધીનગર આવી જશે અને તેમાં એક આઈ.જી.પી., એસ.પી. ૧૦ અન્ય અધિકારીઓ તથા ડોકટર-એન્જીનિયર પણ ટીમમાં હશે. સ્ટેજ સહીતની બાબતોની ચકાસણી એન્જીનીયર દ્વારા કરાશે. તે ઉપરાંત વડાપ્રધાનના રૂટનું નિરક્ષણ કરી જરુરી પોલીસ પોઈન્ટ મુકવા એનએસજી ગાંધીનગર પોલીસને સુચન કરશે. ચાર દિવસ સુધી એનએસજીની ટીમ આ તમામ બાબતોનું નિરીક્ષણ કરશે.



(તસવીર : દિપક જાની)

# P.K. ફીલ્મનો ગાંધીનગરમાં પણ વિરોધ

## વીએચપી દ્વારા સિને મેકસ, સિટી પલ્સ સહીતના થિયેટર્સમાંથી બોર્ડ હટાવી ફિલ્મ બંધ કરાવાઈ : સવારથી છેક થિયેટર બહાર પોલીસ બંદોબસ્ત મુકી દેવાયો હતો

ગાંધીનગર, તા.૩૦

દેશભરમાં આમિર ખાન અભિનિત P.K. ફિલ્મનો હિન્દુ સમર્થકો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે ત્યારે ગઈ કાલે અમદાવાદ ખાતે થિયેટર્સમાં તોડફોડની ઘટના બાદ આજે ગાંધીનગર શહેર તથા આસપાસના થિયેટર્સમાં ફિલ્મના પાટીયા ઉતારી લેવા તથા ફિલ્મ બંધ કરાવવા વીએચપી કાર્યકરોના ટોળા પહોંચી ગયા હતા. સવારથી જ તમામ થિયેટર્સ બહાર પોલીસ બંદોબસ્ત મુકી દેવામાં આવ્યો હતો અને આખરે વીએચપી કાર્યકરો દ્વારા ફિલ્મ બંધ કરાવવામાં આવી હતી.





અમદાવાદની સીટી ગોલ્ડ સહિત કેટલાક થિયેટરમાં P.K. ફિલ્મના વિરોધમાં તોડફોડ કરી નાંખવાની ઘટના ગઈ કાલે બની હતી ત્યારબાદ આજે ગાંધીનગરમાં વીએચપી કાર્યકરો દ્વારા P.K. ફિલ્મનો વિરોધ કરવામાં આવ્યો હતો. ગાંધીનગર શહેરમાં સ્થિત સિને મેકસ તથા આર વર્લ્ડ ઉપરાંત ગાંધીનગર-કોબા હાઈવે પર સ્થિત સીટી પલ્સ થિયેટરમાં વીએચપી કાર્યકરો પહોંચી ગયા હતા અને ફિલ્મ બંધ કરાવી દઈ તે ફિલ્મના તાત્કાલિક ધોરણે બોર્ડ હટાવાઈ દીધા હતાં. સવારથી જ આ મામલાને લઈ વિવિધ થિયેટર્સ બહાર પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. જો કે તોડફોડ કરીને વિરોધ વ્યકત ન કરાતા થિયેટર સંચાલકોએ હાશકારો અનુભવ્યો હતો.

# સ્વર્ણિમ પાર્કમાં દરરોજ રાત્રે બે ફાઉન્ટેઈન શૉ યોજાશે

## અડધો કલાકના બે શો માટે ટૂંકમાં સમય નક્કી થશે

ગાંધીનગર, તા.૩૦

સ્વર્ણિમ પાર્કમાં ૪ કરોડના ખર્ચે નિર્માણ કરાયેલી વોટર બોડીમાં ટૂંકમાં જ ફૂવારાની રોનક જોવા મળશે. રંગબેરંગી અને મ્યુઝિકલ ફાઉન્ટેઈનના રોજ બે શૉ કરવામાં આવશે. રાત્રિના સમયે સહેલાણીઓ માટે અડધો અડધો કલાકના અંતરે બે શૉ નો સમય પણ ટૂંકમાં નિયત કરી દેવાશે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્વર્ણિમ પાર્ક નિખારવાનું કામ પૂર્ણ કરી દેવાયું છે. પાર્કમાં આંબેડકરની પ્રતિમા પાસે ભવ્ય વોટર બોડીનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ વોટરબોડીમાં જર્મન ટેકનોલોજીના આધારે ફાઉન્ટેઈન ફીટ કરવામાં આવ્યા છે. રંગબેરંગી ફૂવારા વિવિધ પેટર્ન મુજબ ઉંચા ઉછળશે. મ્યુઝિકલ ફાઉન્ટેનની હાલ ચકાસણી કરવામાં આવી રહી છે. હજુ એકાદ વાર ફૂવારાનો ટ્રાયલ લેવામાં આવશે નગરની આગવી ઓળખ સમા સ્વર્ણિમ પાર્કમાં વોટર બોડી સહેલાણીઓ માટે પણ આર્કષણનું કેન્દ્ર બનશે. આગામી દિવસોમાં ફુવારાના રોજ બે શૉ ગોઠવવામાં આવશે. રાત્રિ દરમિયાન સહેલાણીઓ વોટર શૉ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં માત્ર ૪૦ ગામો એવા છે જયાં દરેક ઘરમાં શૌચાલયની સુવિધા

## ચાલુ વર્ષે અત્યાર સુધીમાં સાત હજાર શૌચાલયો બની ચુકયા છે : ૨૫ હજારનો લક્ષ્યાંક છે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લામાં માત્ર ૪૦ ગામો એવા છે જેના દરેક ઘરમાં શૌચાલયની સુવિધા છે.

ગાંધીનગર જિલ્લામાં શૌચાલય બનાવવા માટે ચાલુ વર્ષે ૨૫ હજારનો લક્ષ્યાંક આપવામાં આવ્યો છે. જે પૈકી હજુ સુધી માત્ર ૬૦૦૦ જેટલા શૌચાલયોનું નિર્માણ થઈ શકયું છે. જો કે તંત્રને વિશ્વાસ છે કે તેમને મળેલા લક્ષ્યાંક ને તેઓ અવશ્ય પહોંચી શકશે.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે ઉમેદવારના ઘરે શૌચાલયની સુવિધા ફરજીયાત કરવામાં આવી હોવાથી લોકોમાં ઉત્સાહ વધ્યો છે એટલું જ નહિ હાલ પાંચ હજાર જેટલા શૌચાલયના નિર્માણ કાર્યો પ્રગતિ હેઠળ છે.

જિલ્લા ને આમ તો નિર્મળ અને હરિયાળો જિલ્લો બનાવવા તંત્રએ કમર કસી છે અને આ દિશામાં આખી કાર્ય યોજના તૈયાર કરી દેવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં ૩૦૨ મહેસુલી ગામો છે આ પૈકી ૪૦ ગામો ૧૦૦ ટકા શૌચાલયની સુવિધા ધરાવતા ગામો છે.

જિલ્લામાં શૌચાલય નિર્માણની ઝુંબેશને વેગ મળે તે માટે સરકારે ૧૩૮ ગામોમાં ઘન કચરાના નિકાલ

● અનુસંધાન પાન-૭ પર

ભારતીય કલા અને સંસ્કૃતિને અમેરિકાની ધરતી પર ઉજાગર કરવા બદલ વિવેકાનંદ એકેડમી પરિવારના જગતસિંહ ઝાલાને ખૂબ ખૂબ અભિનંદન....



તા. ૧૪ ડીસેમ્બર, ૨૦૧૪ના રોજ UISAC / CAACC / CAHAનાં સંયુક્ત ઉપક્રમે ગુજરાતી સમાજનાં એન્યુઅલ ફંકશનમાં 'Unity in Diversity' ઉપક્રમે 'રંગોલી' કલાવૃંદે ગુજરાતનાં ગરબા, આરતી, રાંદલનો ઘોડો, હીંચ જેવી કૃતિઓ રજૂ કરી ત્યાનાં ગુજરાતી તેમજ અન્ય શહેરીજનોનાં દિલમાં અનેરું સ્થાન પ્રાપ્ત કરી, નવરાત્રીનું આમંત્રણ પણ મેળવી લીધું. સંસ્થાનાં પ્રમુખ [illegible] તથા અન્ય ૧૦ કલાકારોની ટીમ ત્યાનાં પ્રવાસે ગઈ હતી. [illegible] શ્રી જગતસિંહ ઝાલાનું સન્માન કર્યુ હતું. CAACCનાં બોર્ડ ઓફ ડિરેક્ટર ગાંધીનગરનાં જ પુત્રરત્ન [illegible] આ સર્વે કાર્યક્રમનું આયોજન કર્યુ હતું.

**૧ થી ૩૦ સેક્ટર માટે**
**LED TV, LCD TV, Colour TV**
**રીપેરીંગ માટે ફોન કરો**
**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬









**ડ્રાયવર જોઈએ છે**
Texi બેઝ ધરાવતા ડ્રાયવરો જોઈએ છે
પગાર ધોરણ ૧૦,૦૦૦થી ઉપર
મો. : ૯૯૭૯૮ ૩૦૩૩૦
મો. : ૯૦૯૯૯ ૦૭૩૫૬

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧